મૂળ અંગ્રેજી પરથી અનુવાદ

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
# બહુવર્ષીય ટેરીફ માળખું
# જાહેરનામું નં.૧/૨૦૦૭

વિદ્યુત અધિનિયમ-૨૦૦૩(૨૦૦૩નો ૩૬મો)ની કલમ ૬૧ અને કલમ ૬૨ના ખંડ(એફ) સાથે વાંચતા, કલમ ૧૮૧(૨)ના ખંડ(ઝેડડી),(ઝેડઇ) અને (ઝેડએફ) અન્વયે મળેલી સત્તાની રૂએ અને તે અંગે મળેલી બીજી બધી સત્તાની રૂએ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ આથી નીચેના વિનિયમો ઘડે છે.

## પ્રકરણ-૧
## ટૂંકું શીર્ષક, વ્યાપ અને પ્રારંભ

૧.૧ આ વિનિયમો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(બહુવર્ષીય ટેરીફ માળખું) વિનિયમો-૨૦૦૭ કહેવાશે.

૧.૨ આ વિનિયમો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ટેરીફની શરતો અને બોલીઓ) વિનિયમોના પરિશિષ્ટ તરીકે રહેશે અને બે વિનિયમો વચ્ચે કોઇ વિસંગતિ હોય તેવા પ્રસંગે બહુવર્ષીય ટેરિફ માળખું વિનિયમ પ્રવર્તશે.

૧.૩ આ વિનિયમો રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી અમલમાં આવશે.

૧.૪ આ વિનિયમો સમગ્ર ગુજરાત રાજયને અને આયોગના ક્ષેત્રાધિકારની અંદરની તમામ બાબતોને લાગુ પડશે.

## પ્રકરણ-૨
## વ્યાખ્યાઓ

૨.૧ સંદર્ભથી અન્યથા જરૂરી હોય તે સિવાય આ વિનિયમોમાં

(ક) ' હિસાબી પત્રક' એટલે દરેક નાણાંકીય વર્ષ માટે નીચેનાં પત્રક:

(૧) કંપની અધિનિયમ-૧૯૫૬ની અનુસૂચિ-૬ના ભાગ-૧ માં સમાવિષ્ટ ફોર્મ અનુસાર તૈયાર કરેલું સરવૈયું ;

(૨) કંપની અધિનિયમ, ૧૯૫૬ની અનુસૂચિ-૬ના ભાગ-૨માં જણાવેલી જરૂરીયાતો અનુસાર નફા અને નુકશાન ખાતુ;

(૩) ભારતના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઇન્સ્ટીટ્યુટના રોકડ પ્રવાહ પત્રક(એએસ-૩) અંગેના હિસાબી ધોરણ અનુસાર તૈયાર કરેલું રોકડ પ્રવાહ પત્રક;

(૪) વૈધાનિક ઓડીટર/રોનો અહેવાલ;

પરંતુ વિદ્યુતની વિતરણ કામગીરીમાં કોઇ સ્થાનિક સત્તા રોકાયેલી હોય તેવી બાબતમાં, હિસાબી પત્રક એટલે આવી સ્થાનિક સત્તાને લાગુ પડવાપાત્ર પ્રસ્તુત અધિનિયમો કે વિધાન અનુસાર ઉપર દર્શાવ્યા, તૈયાર કર્યા અને રાખ્યા મુજબની બાબતો

(ખ) 'અધિનિયમ' એટલે વિદ્યુત અધિનિયમ-૨૦૦૩(૨૦૦૩નો ૩૬મો) તેના સુધારા સહિત

(ગ) "ફાળવણી પત્રક" એટલે પ્રત્યેક નાણાકીય વર્ષ માટે પરવાનેદારના કોઇ મહેસૂલ, ખર્ચ, અસ્કયામત, જવાબદારી, અનામત અથવા જોગવાઇ વગેરે બતાવતું પરવાનેદારનું દરેક અલગ વેપારનું પત્રક જે કાંતો

(૧) તે ખર્ચના આધારના વર્ણન સાથે પ્રત્યેક આવા બીજા વેપાર ખાતે અથવા તેમાંથી ખર્ચિત હોય, અથવા

(૨) પરવાનેદારના વેપાર સહિત વિભાજન અથવા ફાળવણીના આધારના વર્ણન સાથે નક્કી થયેલ, પરવાનેદારના જુદા જુદા વેપાર વચ્ચે વિભાજન અથવા ફાળવણી;

પરંતુ આ વિનિયમના હેતુ સારૂ પુરવઠાના ક્ષેત્ર માટે વિતરણ પરવાનેદારના લાઇસન્સવાળા વેપારને વ્હીલીંગ વેપાર અને પુરવઠા વેપાર તરીકે અલગ પાડવામાં આવશે.

પરંતુ વિતરણ પરવાનેદારની માલિકીના/ અને/અથવા તેના દ્વારા જળવાતા અને/ અથવા ચલાવાતા ઉત્પાદન મથક બાબતમાં આવું ફાળવણી પત્રક તબક્કાવાર, યુનિટવાર અને/અથવા સમગ્ર ઉત્પાદન મથક માટે ટેરીફ નક્કી કરી શકાય તે રીતે જાળવવાનું રહેશે.

(ઘ) 'અરજદાર' એટલે જેણે ટેરીફ નક્કી કરવા માટે અરજી કરી હોય અથવા આ અધિનિયમ અને આ વિનિયમો અનુસાર વાર્ષિક કામગીરીની સમીક્ષા માટેની અરજી કરી હોય તે લાયસન્સ ધરાવનાર અથવા ઉત્પાદક કંપની અને તેમાં આયોગની આપમેળે અથવા હિત ધરાવતી કે અસરગ્રસ્ત વ્યક્તિએ કરેલી અરજી પરથી અથવા વાર્ષિક કામગીરીની સમીક્ષાના ભાગ તરીકે કરવાની સમીક્ષાને અધીન રહેશે.

(ચ) "એકંદર મહેસૂલી જરૂરીયાત" એટલે ટેરીફ મારફત મંજૂર કરવા પાત્ર ખર્ચની વસૂલાત માટે પરવાનેદારની જરૂરીયાત અને આ વિનિયમો અનુસાર તેના લાઇસન્સ અપાયેલ વેપારને લગતી મૂડી પરનું વળતર;

(છ) 'પાયાનું વર્ષ' એટલે નિયંત્રણ સમયના પ્રથમ વર્ષની તરત અગાઉનું નાણાંકીય વર્ષ;

(જ) ' આયોગ' એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ;

(ઝ) ' નિયંત્રણ મુદ્દત' એટલે આ વિનિયમોના પ્રકરણ-૬ અનુસાર પૂર્વ-ધારણા રજૂ કરવા માટે આયોગ નક્કી કરે તે એક કે વધારે નાણાંકીય વર્ષનો બનેલો સમય;

(ટ) 'ટેરિફ અને ચાર્જમાંથી અપેક્ષિત મહેસૂલ' એટલે પ્રવર્તમાન ટેરિફે લાયસન્સના વેપારમાંથી પરવાનેદારને પ્રાપ્ત થવાની અંદાજીત મહેસૂલ;

(ઠ) 'ફી અને ચાર્જનું વિનિયમ' એટલે; ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ફી, દંડ અને ખર્ચ) વિનિયમ,૨૦૦૫ ( ૨૦૦૫નું જાહેરનામું નં.૬) વખતોવખતના સુધારા સાથે

(ડ) 'નાણાકીય વર્ષ' એટલે કેલેન્ડર વર્ષની ૧લી એપ્રિલે શરૂ થતું અને પછીના કેલેન્ડર વર્ષની ૩૧મી માર્ચ પૂરો થતો સમય;

(ઢ) "કુદરતી આપત્તિનો બનાવ" એટલે કોઇપણ પક્ષકાર બાબતમાં પોતાના યોગ્ય નિયંત્રણની અંદર ન હોય તેવો કોઇ બનાવ અથવા કાર્યલોપને કારણે અને યોગ્ય કાળજી અને નિષ્ઠાનો ઉપયોગ કરીને પક્ષકાર તેને હવે પછીનાની સામાન્યતાને સીમિત કર્યા સિવાય/ સહિત અટકાવી ન શકાય તેવો બનાવ જેવા કે,

(૧) આકાશી વીજળી, વાવાઝોડા સહિત પરંતુ સીમિત નહિ, સીમિત દૈવી કાર્યો, તત્વોનાં કાર્યો, ભૂકંપ, પૂર, અનાવૃષ્ટિ અને કુદરતી આફત;

(૨) હડતાળ, તાળાબંધી, ધીમું કામ, બંધ અથવા અન્ય ઔદ્યોગિક હરકતો;

(૩) લોકશત્રુનાં કાર્યો, યુધ્ધ(જાહેર કરેલ કે જાહેર ન કરેલ), નાકાબંધી, બળવો, હુલ્લડ, ક્રાંતિ, ભાંગફોડ, ધ્વંસવાદ અને નાગરિક અશાંતિ,

(૪) અનિવાર્ય અકસ્માત, આગ, વિસ્ફોટ, કિરણોત્સર્ગી દૂષણ અને વિષાણુ જોખમી રસાયણ દૂષણ સહિત પણ તત્પૂરતું સીમિત નહિ;

(૫) ગ્રીડની કામગીરી બંધ અથવા અંતરાય, તે રાજય અથવા કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા આયોગ અથવા રાજય વીજભાર(લોડ) રવાનગી કેન્દ્રે તેમ ફરમાવ્યું હોય અથવા જરૂરી બનાવ્યું હોય; અને

(૬) મહત્વના પ્લાન્ટના ગંભીર અને તાત્કાલીક જોખમો નિવારવા માટે જરૂરી હોય તે કામગીરી બંધ કરવી અથવા અંતરાય અથવા સાધનોની નિષ્ફળતા

(ન) 'છૂટક પુરવઠા વેપાર' એટલે લાઇસન્સની શરતો અનુસાર ગ્રાહકોને વિતરણ પરવાનેદારનો વિદ્યુતના વેચાણનો વેપાર;

(થ) 'ટેરિફ વિનિયમો' એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (GERC) (ટેરીફની શરતો) વિનિયમો, ૨૦૦૫

(દ) "વેપારી વ્યવસાય" એટલે અન્ય પરવાનેદાર અથવા ગ્રાહકો અથવા અધિનિયમની કલમ-૪૯ અનુસાર પુરવઠો મેળવવા કબૂલ થયા હોય તેવા ગ્રાહકોને વિદ્યુતના પુન:વેચાણ માટે વિતરણ લાઇસન્સ દ્વારા વિદ્યુતની ખરીદીનો વેપાર

(ધ) "વ્હીલીંગ" એટલે કામગીરી જેનાથી કલમ-૬૨ હેઠળ નક્કી કરવામાં આવેલ ચાર્જની ચુકવણી થયે વિદ્યુતની તબદીલી માટે અન્ય વ્યક્તિ વિતરણ પરવાનેદારની વિતરણ પદ્ધતિ સાથે સંકળાયેલ સગવડો ઉપયોગમાં લે તે,

(ન) "વ્હીલીંગ વેપાર" એટલે વિતરણ પરવાનેદારના પુરવઠા ક્ષેત્રમાં વિદ્યુત પૂરી પાડવા માટે વિતરણ પદ્ધતિ ચલાવવા અને નિભાવવાનો વેપાર

૨.૨ આમાં પ્રયોજાયેલ પરંતુ વ્યાખ્યા ન કરાયેલ શબ્દો અને શબ્દ પ્રયોગોના અર્થ અધિનિયમ, નિયમો અથવા વિનિયમોમાં આપ્યા મુજબ રહેશે.

## પ્રકરણ-૩
## લાગુ પાડવાનો અવકાશ

૩.૧ આયોગને અધિનિયમ હેઠળ સત્તા હોય તેવી બધી બાબતો માટે બહુવર્ષીય ટેરિફ માળખાની અંદર, આયોગ નીચેના કેસ સહિત ટેરિફ નક્કી કરશે.

(ક) ઉત્પાદક કંપની દ્વારા વિતરણ પરવાનેદારને વિદ્યુત પૂરી પાડવી;

પરંતુ આયોગ વિદ્યુતના પુરવઠામાં તંગી હોવાનું માનતી હોય ત્યાં ઉત્પાદક કંપની અને પરવાનેદાર વચ્ચે અથવા પરવાનેદારો વચ્ચે કરેલા કરારની બાબતમાં વધુમાં વધુ એક વર્ષ માટે વિદ્યુતના વેચાણ અથવા ખરીદી માટે ટેરિફની અધિકતમ અને ન્યૂનતમ ટોચ-મર્યાદા નક્કી કરી શકે;

(ખ) આંતર-રાજ્ય વિદ્યુતનું પ્રવહન

(ગ) આંતરરાજ્ય વ્હીલીંગ

(ઘ) વિદ્યુતનું છૂટક વેચાણ

પરંતુ બે અથવા વધારે વિતરણ પરવાનેદાર દ્વારા તે જ વિસ્તારમાં વિદ્યુતની વહેંચણી બાબતમાં, વિતરણ પરવાનેદારોમાં સ્પર્ધાને પ્રોત્સાહન આપવા માટે આયોગ વિદ્યુતના છૂટક વેચાણ માટે ટેરિફની ફક્ત અધિકતમ ટોચ-મર્યાદા નક્કી કરી શકે.

પરંતુ આયોગે કલમ-૪૨ હેઠળ કેટલાક ગ્રાહકોને ખુલ્લા પ્રવેશની છૂટ આપી હોય ત્યાં, કલમ-૬૨ની પેટા કલમ(૧)ના ખંડ(ઘ)ની જોગવાઇઓ ગમે તે હોવા છતાં, તેવા ગ્રાહકો, તે કબૂલ થાય તેવી શરતોએ (ટેરિફ સહિત) વિદ્યુત પૂરી પાડવા કે ખરીદવા માટે કોઇ વ્યક્તિ સાથે કરાર કરી શકશે.

પરંતુ આયોગે કલમ-૪૨ હેઠળ કેટલાક ગ્રાહકોએ ખુલ્લા પ્રવેશની છૂટ આપી હોય ત્યાં આયોગ વિનિયમો અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ખુલ્લા પ્રવેશ) વિનિયમ અનુસાર વખતોવખત, વ્હીલીંગ ચાર્જ, સામી-સહાયકી સરચાર્જ, વધારાના ચાર્જ, અને અન્ય ખુલ્લા પ્રવેશને લગતા ચાર્જ જ નક્કી કરશે.

૩.૨ આયોગને છૂટક પુરવઠાના વેપારમાં, સ્પર્ધાત્મક શરતોથી સંતોષ થાય ત્યાં સુધી આયોગ, વિતરણ પરવાનેદારના ક્ષેત્રમાં ગ્રાહકોની કક્ષા માટે અને જેમને અધિનિયમની કલમ-૪૨ હેઠળ ખુલ્લા પ્રવેશની પરવાનગી અપાઇ છે તેમના માટે પુરવઠા ટેરિફ માટે અધિકતમ ટોચ-મર્યાદા પણ નક્કી કરી શકશે. વધારાની મહેસૂલી જરૂરિયાત પરના દાવા સિવાય સ્પર્ધાત્મક શરતોમાં જરૂરી હોય, તો પરવાનેદાર ટોચ-મર્યાદા પુરવઠા કરતાં ઓછી ટેરિફ ચાર્જ કરી શકે.

૩.૩ આયોગ, વિતરણ પરવાનેદારો કયા દરે તેમના વેપાર વ્યવસાય માટે વિદ્યુત ફાળવી શકે એટલે કે, વિતરણ પરવાનેદારના પુરવઠા ક્ષેત્રમાં ફાળવેલ હાલના વિદ્યુત ખરીદીના કરાર અથવા જથ્થાબંધ પુરવઠાની શક્તિનો ઉપયોગ કરીને, અધિનિયમની કલમ-૪૯ અનુસાર અન્ય પરવાનેદારો અથવા ગ્રાહકોને વિદ્યુત વેચી શકે, તે પણ નક્કી કરશે.

૩.૪ આ વિનિયમમાં દર્શાવેલા સિદ્ધાંતો અનુસાર, આયોગ, (ક) વ્હીલીંગ વેપાર અને (ખ) છૂટક પુરવઠા વેપાર માટે એકંદર મહેસૂલી જરૂરિયાત (ARR) નક્કી કરશે.

૩.૫ વ્હીલીંગ વેપાર માટે નક્કી કરેલ એકંદર મહેસૂલી જરૂરિયાત વ્હીલીંગ ટેરિફ/ ચાર્જ નક્કી કરવા માટેનો આધાર રહેશે.

૩.૬ છૂટક પુરવઠા વેપાર માટે નક્કી કરેલ એકંદર મહેસૂલી જરૂરિયાત વિદ્યુતના છૂટક વેચાણ માટે છૂટક પુરવઠા ટેરિફ/ચાર્જ નક્કી કરવા માટેનો આધાર રહેશે.

૩.૭ આ વિનિયમમાં ગમે તે નિર્દિષ્ટ કર્યુ હોય તે છતાં અધિનિયમની કલમ-૬૩ અનુસાર કેન્દ્ર સરકારે આપેલી માર્ગદર્શક સૂચનાઓ અનુસાર પારદર્શક બોલી પ્રક્રિયા મારફત ટેરિફ નક્કી કરવામાં આવી હોય તો આયોગ તે ટેરિફ અપનાવશે.

## પ્રકરણ-૪
## બહુવર્ષીય ટેરિફ માળખું

૪.૧ આયોગ, બહુવર્ષીય ટેરિફ માળખા હેઠળ ઉપરના વિનિયમ ૩.૧ના ખંડ(ક), (ખ), (ગ) અને (ઘ) હેઠળ આવરી લેવાયેલ બાબતો માટે ૧લી એપ્રિલ-૨૦૦૮થી ટેરિફ નક્કી કરશે.

પરંતુ આયોગ આપમેળે અથવા અરજદારે કરેલી અરજી પરથી બહુવર્ષીય ટેરીફ માળખા હેઠળ પરવાનેદાર અથવા પરવાનેદારની કક્ષાની ટેરિફ નક્કી કરવાની બાબતને આવી મુક્તિ આપવાના, હુકમમાં સમાવેશ કરવામાં આવે તેટલી મુદત માટે ટેરિફ નક્કી કરવાની મુક્તિ આપી શકશે.

૪.૨ એકંદર મહેસૂલી જરૂરિયાત અને ટેરિફ અને ચાર્જમાંથી અપેક્ષિત મહેસૂલ ગણી કાઢવા માટે નીચેના તત્વો પર બહુવર્ષીય ટેરિફ માળખાનો આધાર રહેશે;

(ક) નિયંત્રણ મુદત શરૂ થતી વખતે, એકંદર મહેસૂલી જરૂરિયાત અને હાલની ટેરિફમાંથી અપેક્ષિત મહેસૂલની પૂર્વધારણા અરજદાર રજૂ કરશે અને આયોગ તેને બહાલી આપશે;

(ખ) નાણાકીય અને કામગીરીના ચલ અંતર્ગત અપેક્ષિત વર્તનને લગતાં વ્યાજબી અનુમાનોના આધારે નિયંત્રણ મુદત દરમ્યાન અરજદારની એકંદર મહેસૂલી જરૂરિયાત અને ટેરિફ અને ચાર્જમાંથી અપેક્ષિત મહેસૂલની પૂર્વધારણા પર આધારિત રહેશે.

(ગ) નિયંત્રણ મુદ્દતના પાયાના વર્ષ માટેનાં મૂલ્ય નક્કી કરવા માટે આયોગ ઉપલબ્ધ છેલ્લા ઓડિટ કરેલા હિસાબ, પાયાના વર્ષના પ્રથમ છ મહિના માટેના ખરેખર આંકડા અને આયોગે પ્રસ્તુત ગણેલાં અન્ય પરિબળોને ધ્યાનમાં લઇ શકશે.

(ઘ) આયોગ, વ્હીલીંગ વેપાર અને પુરવઠા વેપારની જુદી જુદી પરિમિતિઓ માટે આધારરેખાની સામગ્રીની સ્વતંત્ર આકારણી પણ કરી શકે અને નિયંત્રણ મુદત માટેની આધારરેખાના મૂલ્ય તરીકે યોગ્ય અને જરૂરી ફેરફાર સાથે તેને વિચારણામાં લઇ શકે.

(ચ) અરજદારની કામગીરી પ્રોત્સાહન અને હતોત્સાહન મારફત સુધારવા ધાર્યુ હોય ત્યાં આયોગ દ્વારા નિયત કરવામાં આવે તે નિર્દિષ્ટ ચલ માટે પ્રક્ષપ વક્રપથ(ટ્રેજેક્ટરી);

(છ) આયોગ નીચેનાની ટેરિફ નક્કી કરવા માટે પ્રક્ષપ વક્રપથ(ટ્રેજેકટરી) નિર્દિષ્ટ કરી શકશે;

(૧) ઉત્પાદક મથક,
(૨) ઉત્પાદક કંપની અને/અથવા
(૩) ઉત્પાદન વેપાર અંગે પરવાનેદાર;

પરંતુ આયોગ આ વક્રપથ (ટ્રેજેક્ટરી) નિર્દિષ્ટ કરતી વખતે કોઇપણ માન્ય પાવર પરચેઝ એગ્રીમેન્ટની શરતોને માન આપશે.

(જ) વાર્ષિક કામગીરીની સમીક્ષા જેવી કે, માન્ય પૂર્વ-ધારણાની અને અરજદારના નિયંત્રણની અંદરનાં પરિબળો (નિયંત્રણક્ષમ પરિબળો) અને અરજદારના નિયંત્રણ બહારનાં પરિબળો (અનિયંત્રણક્ષમ પરિબળો) માં કામગીરીમાં તફાવતનું વર્ગીકરણ;

(ઝ) અનિયંત્રણક્ષમ પરિબળોને કારણે માન્ય પૂર્વ ધારણાના તફાવત માન્ય લાભ અથવા નુકશાન પસાર કરવાનું તંત્ર;

(ટ) નિયંત્રણક્ષમ પરિબળોને કારણે કામગીરીની સરખામણીમાં ઉત્પાદક કંપની અથવા પરવાનેદારો માટે આયોગ માન્ય લાભ અથવા નુકશાન વહેંચવાનું તંત્ર;

(ઠ) માન્ય પૂર્વ-ધારણા અને વાર્ષિક કામગીરીની સમીક્ષાના પરિણામ પર આધારિત નિયંત્રણ મુદ્દતની અંદરના પ્રત્યેક નાણાકીય વર્ષ માટે ટેરિફનું વાર્ષિક નિર્ધારણ

## પ્રકરણ-૫
## હિસાબી પત્રક અને બહુવર્ષીય ટેરિફ હેઠળ ભરવા

૫.૧ ઉત્પાદક કંપની અથવા લઇસન્સદારે બહુવર્ષીય ટેરિફ હેઠળ આગામી નાણાકીય વર્ષ અથવા નિયંત્રણ મુદત શરૂ થવાના ઓછામાં ઓછા ૧૨૦ દિવસમાં ટેરિફ વિનિયમોમાં આયોગ ઠરાવે તેવા ફોર્મમાં ભરવાનું રહેશે. ભરવામાં સમગ્ર નિયંત્રણ મુદત માટે વર્ષવાર વિગતો સાથે ટેરિફ વિનિયમો અને બહુવર્ષીય ટેરીફ વિનિયમમાં નિર્દિષ્ટ કર્યા મુજબ એઆરઆર નક્કી કરવાના સિધ્ધાંતોનું બરાબર પાલન કરીને ભરવાનું રહેશે.

૫.૨ ઉત્પાદક કંપની અથવા પરવાનેદાર, વિનિયમ-૯ હેઠળ કામગીરીની વાર્ષિક સમીક્ષા અથવા એઆરઆર રજૂ કરવા સાથે અલગ હિસાબી પત્રકો ભરશે. સંપૂર્ણ વિભાજન ન થયેલ હોય તેવા સંજોગોમાં, ઉત્પાદક કંપની અથવા લાયસન્સદારે આ વિનિયમ બહાર પાડવાના એક વર્ષની અંદર તે કરવાનું રહેશે. તે સંપૂર્ણ અલગ થવાના સમય સુધી વિતરણ પરવાનેદારનું એઆરઆર યોગ્ય પધ્ધતિ અપનાવીને દરેક કેસ મુજબ વિતરણ વેપાર અને છૂટક પુરવઠા વેપાર વચ્ચે વહેંચવામાં આવશે.

૫.૩ પ્રથમ નિયંત્રક મુદત માટે મોડામાં મોડું ૩૧ જાન્યુઆરી-૨૦૦૮ સુધીમાં ભરી શકાશે.

૫.૪ ઉભા એકત્રિત વેપાર બાબતમાં, લાઇસન્સદારે ઉત્પાદન, પ્રવાહન, વ્હીલીંગ અને પુરવઠા વેપાર માટે અલગ એકંદર મહેસૂલી જરૂરિયાત રજૂ કરવાનું રહેશે. તેમાં વિદ્યુત છૂટક વેચાણ અને વેપારી વ્યવસાયનો સમાવેશ થાય છે. સંપૂર્ણ વિભાજન ન થયેલ હોય તેવા સંજોગોમાં, ઉત્પાદક કંપની અથવા લાયસન્સદારે આ વિનિયમ બહાર પાડવાના એક વર્ષની અંદર તે કરવાનું રહેશે. તે સંપૂર્ણ અલગ થવાના સમય સુધી ઉત્પાદન, પ્રવાહન, વ્હીલીંગ અને પુરવઠા વેપાર વચ્ચેના હિસાબના સંપૂર્ણ મહેસૂલી જરૂરિયાતોને ફાળવણી પત્રકનું સમર્થન આપવાનું રહેશે, તેમાં તે વેપારનો ખર્ચ અને મહેસૂલના વિભાજનનો સમાવેશ થાય છે. ફાળવણી પત્રકમાં વિભાજન માટે પ્રયોજાયેલી પદ્ધતિનો સમાવેશ પણ થાય છે.

## પ્રકરણ:૬
## નિયંત્રણ મુદત

૬.૧ અરજદાર ૫(પાંચ) નાણાકીય વર્ષની નિયંત્રણ મુદતની અંદર દરેક નાણાકીય વર્ષ માટે એકંદર મહેસૂલી જરૂરિયાત અને ટેરિફ અને ચાર્જમાંથી અપેક્ષિત મહેસૂલી પૂર્વ-ધારણા આયોગની મંજૂરી માટે રજૂ કરશે.

પરંતુ આ ભાગ હેઠળ આયોગને કરવાની પ્રથમ અરજી માટેની નિયંત્રણ મુદત ૩(ત્રણ) નાણાંકીય વર્ષ એટલે કે ૧લી એપ્રિલ-૨૦૦૮થી ૩૧મી માર્ચ-૨૦૧૧ રહેશે.

પરંતુ આયોગ રાજયમાં બહુવર્ષીય ટેરિફના અમલથી મળેલા અનુભવના આધારે પોતાને યોગ્ય લાગે તેમ પછીની નિયંત્રણ મુદત વધારી કે ઘટાડી શકે;

પરંતુ અસરગ્રસ્ત પક્ષકારોને સાંભળ્યા સિવાય આયોગ પછીની નિયંત્રણ મુદતના ગાળાને વધારશે કે ઘટાડશે નહિ;

પરંતુ આયોગ આવી નિયંત્રણ મુદત દરમ્યાન કોઇપણ નિયંત્રણ મુદતના ગાળાને વધારશે કે ઘટાડશે નહિ.

## પ્રકરણ-૭
## પૂર્વધારણા

૭.૧ અરજદાર નિયંત્રણ મુદત માટે એકંદર મહેસૂલી જરૂરિયાત અને ટેરિફમાંથી અપેક્ષિત મહેસૂલની પૂર્વ-ધારણા ઉપરના વિનિયમ-૬ માં નિર્દિષ્ટ કરેલી સમય-મર્યાદાની અંદર અને ફી અને ચાર્જ વિનિયમો હેઠળ ચૂકવવાપાત્ર ફીની સાથે રજૂ કરશે.

૭.૨ એકંદર મહેસૂલી જરૂરિયાતની પૂર્વધારણા

૭.૨.૧ નીચેનામાંથી કોઇ એક પધ્ધતિનો ઉપયોગ કરીને અરજદાર એકંદર મહેસૂલી જરૂરિયાતની પૂર્વધારણા વિકસાવશે:

(ક) નિયંત્રણ મુદત દરમ્યાન એકંદર મહેસૂલી જરૂરિયાત બનાવતા વ્યક્તિગત ફેરફારને લગતાં અનુમાન, અથવા

(ખ) નીચેનાને લગતાં અનુમાન

(૧) યોગ્ય બૃહદ આર્થિક અથવા બજાર આંકમાં ટકાવારી વાર્ષિક ફેરફાર અથવા તેનું મિશ્રણ જેની સાથે અરજદારની એકંદર મહેસૂલી જરૂરિયાત સહસંબંધ ધરાવે છે અને

(૨) નિયંત્રણ મુદત દરમિયાન અરજદારે ચોક્કસ ધોરણ, નિયંત્રણક્ષમ અને અનિયંત્રણક્ષમ પરિબળો અથવા બીજી કોઇ યોગ્ય જણાય તેવી સરભરના કારણે સિધ્ધ કરવા વિચારેલ કાર્યક્ષમતા અથવા ઉત્પાદકીય નફાને કારણે એકંદર મહેસૂલી જરૂરિયાતમાં ટકાવારી વાર્ષિક ઘટાડો;

પરંતુ ૧લી એપ્રિલ-૨૦૦૮થી શરૂ થતી નિયંત્રણ મુદત માટે આ વિનિયમ હેઠળની અરજીઓ, ઉપરના ખંડ (ક) અથવા (ખ)માં નિર્દિષ્ટ કરેલી પધ્ધતિનો ઉપયોગ કરી વિકસાવેલી પૂર્વધારણા તેની સાથે રાખવામાં આવશે.

૭.૨.૨ એકંદર મહેસૂલી જરૂરિયાતની પૂર્વધારણા માટે અપનાવેલી ઉપરની કોઇપણ પધ્ધતિ સમગ્ર નિયંત્રણ મુદત દરમ્યાન લાગુ પડેલી રહેશે.

૭.૨.૩ કોઇપણ નિયંત્રણ મુદત માટે અરજદાર એકંદર મહેસૂલી જરૂરિયાતની પૂર્વ-ધારણા માટેની પધ્ધતિમાં કોઇ ફેરફાર ઇચ્છતો હોય તો જો,

(ક) વિનિયમ ૭.૨.૧ના ખંડ(ક)માં નિર્દિષ્ટ કરેલી પધ્ધતિમાંથી તે વિનિયમના ખંડ(ખ)માં, અથવા

(ખ) વિનિયમ ૭.૨.૧ના ખંડ (ખ)માં નિર્દિષ્ટ કરેલી પધ્ધતિમાંથી તે વિનિયમના ખંડ(ક)માં, ત્યાં અરજદાર પધ્ધતિમાં ફેરફાર મંજૂર કરવા માટે તેના તાત્પર્ય સાથે અને આયોગને જરૂરી હોય તેવી બીજી વિગતો સાથે આવી નિયંત્રણ મુદત શરૂ થતાં પહેલાં ઓછામાં ઓછા ૯(નવ) મહિના અગાઉ આયોગને અરજી કરશે;

૭.૨.૪ આવી અરજી ચકાસણી કરીને અસરગ્રસ્ત પક્ષકારોને સાંભળ્યા પછી, આયોગ

(ક) ઉક્ત હુકમમાં નિર્દિષ્ટ કરે તેવી શરતોને આધીન રહીને પદ્ધતિમાં ફેરફાર મંજૂર કરતો હુકમ કરશે, અથવા

(ખ) અધિનિયમની કલમ-૬૧ અથવા આ વિનિયમોમાં સમાવિષ્ટ સિદ્ધાંતો અનુસાર ન હોય તો તે અંગેના કારણો લેખિત નોંધીને અરજી કાઢી નાંખશે.

૭.૩ મૂડી ખર્ચનું આયોજન

૭.૩.૧ ઉત્પાદક કંપની અને પરવાનેદારે આવતું વર્ષ તથા પ્રશુલ્ક સમયના દરેક વર્ષ માટેની જરૂરિયાતો જેવી કે દુરસ્તી અને જાળવણી, વીજભારમાં વૃદ્ધિ, વિતરણ અને પ્રવહન ખાધમાં ઘટાડો, આવક ક્ષમતામાં વધારો, સપ્લાયની ક્ષમતામાં સુધારો, વિશ્વસનીયતા, મીટરીંગ, ગ્રાહકોની સેવા વગેરેને ગણતરીમાં લઇને વિગતવાર મૂડી રોકાણના આયોજન, નાણાકીય આયોજન અને ભૌતિક લક્ષ્યાંકોની વિગતોને ફાઇલ કરવાની રહેશે.

૭.૩.૨ ઉત્પાદક કંપની અને પરવાનેદારે કાર્યક્ષમતા, ઉત્પાદકતા વધારવા અને આયોગે નિર્ધારીત કરેલા કામગીરીના ધોરણોને પહોંચી વળવા માટે ઓપ્ટીમમ રોકાણ કરવાની ખાતરી આપવાની રહેશે..

૭.૩.૩ આયોગ પરવાનેદારના મૂડી રોકાણના પ્લાનનું વ્યાજબીપણું ચકાસી શકે તે માટે પરવાનેદારે તાંત્રિક તથા વાણિજ્યિક વિગતો ખર્ચ-લાભના પૃથ્થકરણ સાથેની આપવાની રહેશે અને જે આયોગ ધ્યાનમાં લેશે.

૭.૪ ટેરિફ અને ચાર્જમાંથી અપેક્ષિત મહેસૂલની પૂર્વધારણા

૭.૪.૧ નીચેની બાબતોના આધારે, અરજદાર ટેરિફ અને ચાર્જમાંથી અપેક્ષિત મહેસૂલની પૂર્વધારણા વિકસાવશે

(ક) પ્રવાહન પરવાનેદારની બાબતમાં નિયંત્રણ મુદતની અંદર દરેક નાણાકીય વર્ષ માટે પ્રવાહન પધ્ધતિના વપરાશકારને ફાળવાયેલ પ્રવાહન શક્તિના અંદાજ;

(ખ) વિતરણ પરવાનેદાર બાબતમાં, નિયંત્રણ મુદતની અંદર દરેક નાણાંકીય વર્ષ માટે વિતરણ પધ્ધતિના વપરાશકારો માટે વ્હીલ્ડ વિદ્યુત જથ્થો અથવા ફાળવેલ ક્ષમતાના અંદાજ;

(ગ) અરજી કરતી વખતે પ્રવર્તતી ટેરિફ

૭.૫ અરજદાર, આયોગને પૂર્વધારણાના વ્યાજબીપણાનો ક્યાસ કાઢી શકાય તે માટે પૂર્વધારણાને સમર્થન આપતી પૂરેપૂરી વિગતો પૂરી પાડશે. તેમાં અગાઉની કામગીરી, કાર્યક્ષમતા અને ઉત્પાદકતાનો લાભ પ્રાપ્ત કરવા માટે સૂચિત પગલાં, તાંત્રિક આર્થિક અભ્યાસ, કરારિત વ્યવસ્થા અને/અથવા માધ્યમિક સંશોધનનો સમાવેશ થશે, પરંતુ તે તત્પૂરતી સીમિત નહી હોય,

૭.૬ અરજીનો અભ્યાસ થયે, આયોગ,

(ક) નિયંત્રણ મુદત માટે એકંદર મહેસૂલી જરૂરિયાત અને ટેરિફ અને ચાર્જમાંથી અપેક્ષિત મહેસૂલની પૂર્વ-ધારણાને ઉક્ત કલમમાં નિર્દિષ્ટ કરે તે ફેરફાર અને શરતોને આધીન રહીને મંજૂરી આપતો હુકમ પસાર કરશે, અથવા

(ખ) અધિનિયમની કલમ ૬૧ અથવા આ વિનિયમોમાં જણાવેલા સિધ્ધાંતોને અનુરૂપ ન હોય તો લેખિત કારણો નોંધીને અરજી કાઢી નાંખશે અને આયોગને યોગ્ય લાગે તેવાં પરિબળો ધ્યાનમાં લઇને સુધારેલી પૂર્વધારણા રજૂ કરવા અરજદારને જણાવશે.

૭.૭ ઉપરના વિનિયમ ૭.૬ હેઠળ પસાર કરેલા હુકમમાં આયોગ, અરજદારની એકંદર મહેસૂલી જરૂરિયાત અને ટેરિફ અને ચાર્જમાંથી અપેક્ષિત મહેસૂલમાં સમાવિષ્ટ ફેરફારને નિર્દિષ્ટ કરશે અને નીચેના વિનિયમ ૯ અનુસાર વાર્ષિક કામગીરીની સમીક્ષાના ભાગ તરીકે આયોગ તેની સમીક્ષા કરશે.

પરંતુ આવા ફેરફારો આયોગના મતે સમગ્ર નિયંત્રણ મુદતમાં રાજ્યના ગ્રાહકોને વિદ્યુતના પુરવઠાના ખર્ચ પર મહત્વની અસર કરી શકે તેમ હોય તેવી ખર્ચ અને મહેસૂલની પૂર્વધારણાની મુખ્ય બાબતો પૂરતા સીમિત રહેશે.

પરંતુ નીચેના વિનિયમ ૮ હેઠળ આયોગ નિયત કરે તેવા ફેરફારો આયોગ તેના હુકમમાં આવી સમીક્ષામાંથી મુક્ત કરે તે સિવાય તે વાર્ષિક કામગીરીની સમીક્ષાના ભાગરૂપે રહેશે.

## પ્રકરણ-૮
## કેટલાક ચલ માટે નિર્દિષ્ટ ટ્રેજેકટરી

૮.૧ જે એક અથવા વધારે નિયંત્રણ મુદતને કેટલાંક ફેરફાર માટે આવરી લઇ શકે તેવી ટ્રેજેકટરી આયોગ નિયત કરશે.

પરંતુ જેના માટે ટ્રેજેકટરી નિયત કરવામાં આવે તે ફેરફારમાં ઉત્પાદક મથકની ઉપલભ્યતા, પ્લાન્ટ ભાર પરિબળ, મથકનો ગરમીનો દર, સહાયક વપરાશ, વિશેષ તેલનો વપરાશ, માર્ગસ્થ નુકશાન, પ્રવાહન નુકશાન, પ્રવાહન પધ્ધતિની ઉપલભ્યતા,

વિતરણ ટેકનિકલ નુકશાન, વિતરણ વાણિજ્યિક નુકશાન અને એકત્રિત કરવાની કાર્યક્ષમતાનો સમાવેશ થાય છે પરંતુ તે તત્પૂરતા સીમિત નથી.

પરંતુ પરવાનેદાર અથવા ઉત્પાદક કંપનીએ ટ્રેજેકટરી માટે યોગ્ય તર્કબદ્ધ અને વાજબીપણા સાથે કામગીરીના ચલ માટે ટ્રેજેકટરી સૂચવીને પ્રારંભિક રજૂઆત કરવી. આયોગ આવી દરખાસ્તની સમીક્ષા કરશે અને નિયંત્રણ મુદ્દત માટેના કામગીરીના ચલ માટેની ટ્રેજેકટરી મંજૂર કરશે જેને પછીની રજૂઆત અને વાર્ષિક કામગીરી સમીક્ષામાં પરવાનેદાર અથવા ઉત્પાદક કંપનીએ તેને અપનાવવાના રહેશે.

૮.૨ આ વિનિયમ ૮ હેઠળના કેટલાક ફેરફાર માટે આયોગે ટ્રેજેકટરી નિયત કરી હોય ત્યાં યથાપ્રસંગે બીજા કોઇ વિનિયમમાં નિર્દિષ્ટ કરેલા માપદંડ, ટ્રેજેકટરીએ તેમ નિયત કર્યા હોય તેટલી મુદત માટે આવા ફેરફાર બાબતમાં લાગુ પડશે નહિ.

૮.૩ આ વિનિયમ ૮ અનુસાર આયોગે નિયત કરેલી ટ્રેજેકટરીનો અરજદાર તેની એકંદર મહેસૂલી જરૂરિયાત અને/અથવા વિનિયમ-૭ હેઠળ ટેરિફ અને ચાર્જમાંથી અપેક્ષિત મહેસૂલી પૂર્વધારણામાં સમાવેશ કરશે.

## પ્રકરણ-૯
## કામગીરીની વાર્ષિક સમીક્ષા

૯.૧ જ્યાં ઉત્પાદક કંપની અથવા પરવાનેદારનાં એકંદર મહેસૂલી જરૂરિયાત અને ટેરિફ અને ચાર્જમાંથી અપેક્ષિત મહેસૂલ બહુવર્ષીય ટેરિફ માળખા હેઠળ આવરી લેવાય ત્યાં યથાપ્રસંગ આવી ઉત્પાદક કંપની અથવા પરવાનેદારની વાર્ષિક કામગીરી નિયંત્રણ મુદતમાં આ વિનિયમ અનુસાર સમીક્ષાને આધીન રહેશે.

૯.૨ પરવાનેદાર અથવા ઉત્પાદક કંપની નીચેના સમયની અંદર વાર્ષિક કામગીરી સમીક્ષા માટે અરજી કરશે :

(ક) કોઇ નાણાંકીય વર્ષ માટેની ટેરિફ નક્કી કરવાની અરજી આવા નાણાકીય વર્ષ શરૂ થવાના ઓછામાં ઓછા ૧૨૦ દિવસમાં કરવાની રહેશે,

(ખ) નિયંત્રણ મુદતના કોઇ નાણાકીય વર્ષ દરમ્યાન વાર્ષિક કામગીરી સમીક્ષા માટેની અરજી આવું નાણાકીય વર્ષ પૂરું થવાના ઓછામાં ઓછા ૧૨૦ દિવસમાં કરવાની રહેશે,

પરંતુ યથાપ્રસંગ પરવાનેદાર અથવા ઉત્પાદક કંપનીએ એકંદર મહેસૂલી જરૂરિયાત અને ટેરિફ અને ચાર્જમાંથી અપેક્ષિત મહેસૂલની માન્ય પૂર્વધારણા કરતાં નાણાકીય કામગીરીમાં કોઇ તફાવત માટેનં કારણો અને પ્રમાણ આકારવા આયોગને જરૂરી જણાય તેવાં હિસાબી પત્રક, હિસાબી ચોપડાના ઉતારા અને બીજી બધી વિગતો સાથે આયોગ વખતોવખત ઠરાવે તેવા ફોર્મમાં આયોગને અરજી કરવાની રહેશે.

૯.૩ વાર્ષિક કામગીરીની સમીક્ષાનો વ્યાપ ઉત્પાદક કંપની અથવા પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાત અને ટેરિફ અને ટેરિફ ચાર્જમાંથી અપેક્ષિત મહેસૂલનીમાન્ય પૂર્વધારણાની કામગીરીની સરખામણી હશે. તેમાં નીચેનાનો સમાવેશ થશે.

(ક) અગાઉના નાણાકીય વર્ષ માટે અરજદારની ઓડિટ કરેલી કામગીરીની સમીક્ષાની આવા અગાઉના નાણાકીય વર્ષ માટેની માન્ય પૂર્વધારણા સાથે સરખામણી, અને

(ખ) ચાલુ નાણાકીય વર્ષના પૂર્વાર્ધ માટેની કામગીરીની સાથે અરજદારની ચાલુ નાણાકીય વર્ષની મંજૂર કરેલી પૂર્વધારણા સાથે સરખામણી

(ગ) તે સિવાયની સુસંગત માહિતી જો કોઇ હોય તો,

૯.૪ વાર્ષિક કામગીરીની સમીક્ષા માટે જરૂરી માહિતી આયોગ વખતોવખત ઠરાવે તેવા ફોર્મમાં અરજદારે રજૂ કરવાની રહેશે.

૯.૫ વિનિયમ ૭.૭ હેઠળ આયોગે ઠરાવેલા ફેરફાર માટે આયોગ વાર્ષિક કામગીરી સમીક્ષાના ભાગ તરીકે મંજૂર પૂર્વધારણાની સરખામણીમાં અરજદારની કામગીરીની વિગતવાર સમીક્ષા કરશે.

૯.૬ ઉપરના વિનિયમ ૯.૫ હેઠળની સમીક્ષા પૂરી થયે, આયોગ ઉપરના વિનિયમ ૭.૭ હેઠળ ઠરાવેલા ચલ માટે અરજદારના નિયંત્રણ અંદરના પરિબળો (નિયંત્રણક્ષમ પરિબળો) અને અરજદારના નિયંત્રણ બહારનાં પરિબળો( અનિયંત્રણક્ષમ પરિબળો)ને કામગીરીમાં તફાવત અથવા અપેક્ષિત તફાવત માટે કારણભૂત ગણશે.

<u>સ્પષ્ટીકરણ :</u>

આ વિનિયમોના હેતુ માટે"અનિયંત્રણક્ષમ પરિબળો" એ શબ્દ પ્રયોગમાં અરજદારના નિયંત્રણ બહારનાં અને તે ઘટાડી ન શકે તેવાં નીચેનાં પરિબળો, આયોગ નક્કી કરે તે રહેશે.

(ક) કુદરતી આપત્તિના બનાવ

(ખ) કાયદો, ન્યાયિક જાહેરાત, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને આયોગના આદેશમાં ફેરફાર,

(ગ) ફુગાવાના દર, બજારના વ્યાજના દર, વેરા અને વૈધાનિક દરમાં અણધાર્યા ફેરફાર જેવી અર્થતંત્રવ્યાપી અસરો.

૯.૬.૧ આયોગ અરજદારની કામગીરીમાં કેટલાક દ્રષ્ટાંતરૂપ તફાવત અથવા અપેક્ષિત તફાવત અનિયંત્રણક્ષમ પરિબળો તરીકે ગણશે, જેમાં નીચેના સમાવેશ થશે, પરંતુ તે તત્પૂરતા સિમિત નથી.

(ક) આયોગે વખતોવખત મંજૂર કરેલી એફસીએ/એફપીપીપીએ ફોર્મ્યુલા પ્રમાણે બળતણની કિંમત અને/અથવા વિદ્યુત શક્તિની ખરીદીમાં તફાવત

(ખ) સંખ્યામાં ગ્રાહકોના મિશ્રમાં અથવા ગ્રાહકોને અપાતા વિદ્યુત જથ્થામાં તફાવત

(ગ) ફુગાવાના કારણે ખર્ચ

(ઘ) આવક પર વેરા

પરંતુ, અરજદારના પુરવઠા વિસ્તારની અંદર એક કરતાં વધારે વિતરણ પરવાનેદાર હોય ત્યાં સંખ્યા અથવા ગ્રાહકોના મિશ્ર અથવા બે કે વધારે વિતરણ પરવાનેદારો સેવા આપતા હોય તેવા વિસ્તારની અંદર ગ્રાહકોને પૂરી પડાતી વિદ્યુતના જથ્થામાં કોઇ તફાવત માટે નિયંત્રણક્ષમ પરિબળોને કારણભૂત ગણવામાં આવશે.

પરંતુ અરજદારના પુરવઠા ક્ષેત્રની અંદરના કોઇ ગ્રાહક કે ગ્રાહકોની કક્ષા અધિનિયમની કલમ-૪૨ની પેટાકલમ(૩) હેઠળ ખુલ્લા પ્રવેશ માટે પાત્ર હોય ત્યાં આવા પાત્ર ગ્રાહકોને અપાતી વિદ્યુતનો જથ્થો ગ્રાહકોની સંખ્યા અથવા ગ્રાહકોની મિશ્રની સંખ્યા અથવા આવા પાત્ર ગ્રાહકોને અપાતી વિદ્યુતના જથ્થાના તફાવત માટે નિયંત્રણક્ષમ પરિબળોને કારણભૂત ગણવામાં આવશે.

૯.૬.૨ અરજદારની કામગીરીમાં કેટલાંક દ્રષ્ટાંતરૂપ તફાવત અથવા અપેક્ષિત તફાવત માટે આયોગે નિયંત્રણક્ષમ પરિબળોને કારણભૂત ગણ્યાં છે તેમાં નીચેનાનો સમાવેશ થાય છે, પરંતુ તે તત્પૂરતા સીમિત નથી.

(ક) મૂડી ખર્ચની પરિયોજનાના અમલમાં સમય અને/અથવા ખર્ચ વધી જવું/ કાર્યક્ષમતા વિ.ને કારણે મૂડી ખર્ચમાં ફેરફાર આવી પરિયોજનાના વ્યાપમાં મંજૂર ફેરફાર માટે કારણભૂત નથી, વૈધાનિક લેવીમાં ફેરફાર અથવા કુદરતી આપત્તિના બનાવ,

(ખ) ન પતે તેવા લેણા સહિત તાંત્રિક અને વાણિજ્યિક નુકશાનમાં તફાવત,

(ગ) વિનિયમ ૯.૬.૧ના ખંડ(ખ)ના પ્રથમ અને દ્વિતીય પરંતુકમાં નિર્દિષ્ટ કર્યા મુજબ ગ્રાહકોને અપાતી વિદ્યુતના જથ્થા અથવા ગ્રાહકોની સંખ્યા અથવા મિશ્રમાં તફાવત,

(ઘ) ચાલુ મૂડીની જરૂરીયાતમાં તફાવત

(ચ) (૧) કામગીરી અને નિભાવ ખર્ચ, (૨) કર્મચારીનું ખર્ચ, (૩) વહીવટી અને સામાન્ય ખર્ચ, (૪) વ્યાજ અને નાણાના ચાર્જ, (૫) ઇક્વિટી પરનું મળતર, ઘસારો, (૬) બિન-ટેરિફ આવક જેવા ખર્ચમાં તફાવત;

તેમ છતાં (૧), (૨) અને (૩)માં દર્શાવેલ ખર્ચાઓ અર્થતંત્રમાના સુસંગત ફુગાવાના આંક અને/અથવા કોઇ પગાર સુધારણા કરાર સાથે સંબંધિત રહેશે, (૪) અને (૫)માં દર્શાવેલ ખર્ચાઓ લગાવી શકાતા દરો સાથે સંબંધિત રહેશે.

(છ) તે વિનિયમો અનુસાર મુક્ત રખાયાં હોય તે સિવાય, કામગીરીના ધોરણોના વિનિયમોમાં નિર્દિષ્ટ ધોરણોને ન પહોંચી વળવું,

(જ) શ્રમ ઉત્પાદકતામાં તફાવત

(ઝ) ઉપરના વિનિયમ ૯.૬ હેઠળ આયોગે ઠરાવ્યા સિવાયના કોઇપણ ફેરફારમાં તફાવત

૯.૭ વાર્ષિક કામગીરી સમીક્ષા પૂરી થતાં, આયોગ નીચેની બાબતો નોંધીને હુકમ પસાર કરશે,

(ક) અનિયંત્રણક્ષમ પરિબળોને કારણે ઉત્પાદક કંપની અથવા પરવાનેદારને માન્ય એકંદર નફો અથવા નુકશાન અને વિનિયમ ૧૦ અનુસાર ઉત્પાદક કંપની અથવા પરવાનેદાર કયા તંત્ર મારફત આવા નફા અથવા નુકશાન પસાર કરશે તે,

(ખ) નિયંત્રણક્ષમ પરિબળોને કારણે ઉત્પાદક કંપની અથવા પરવાનેદારને માન્ય એકંદર લાભ અથવા નુકશાન અને વિનિયમ ૧૧ અનુસાર આવા લાભ અથવા નુકશાનની રકમ વહેંચી દેવામાં આવશે તે;
(ગ) બાકીની કોઇ મુદત હોય તો તે માટે વિનિયમ ૯.૫ હેઠળ ઉત્પાદક કંપની અથવા પરવાનેદારની પૂર્વધારણામાં માન્ય ફેરફાર.

## પ્રકરણ-૧૦
## નિયંત્રણક્ષમ પરિબળોને કારણે નફો અથવા નુકશાનમાંથી પસાર થવા માટેનું તંત્ર

૧૦.૧ અનિયંત્રણક્ષમ પરિબળોને કારણે ઉત્પાદક કંપની અથવા પરવાનેદારને માન્ય એકંદર નફો અથવા નુકશાન વિનિયમ ૯.૭(ક) હેઠળ પસાર કરેલા આયોગના હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા સમય માટે ઉત્પાદક કંપની અથવા પરવાનેદારની ટેરિફમાં સમાયોજન કરીને પસાર કરવામાં આવશે.

૧૦.૨ આ વિનિયમ ૧૦ માં સમાવિષ્ટ કોઇપણ બાબત બળતણના ભાવમાં અને વિદ્યુતશક્તિની ખરીદીમાં પડતા તફાવતમાંથી ઉદ્‌ભવતા કોઇ નફા કે નુકશાનને લાગુ પડશે નહિ. આયોગ વખતોવખત નિર્દિષ્ટ કરે તે મુજબ તેની તજવીજ કરવામાં આવશે.

## પ્રકરણ-૧૧
## નિયંત્રણક્ષમ પરિબળોને કારણે નફો કે નુકશાન વહેંચવા માટેનું તંત્ર

૧૧.૧ નિયંત્રણક્ષમ પરિબળોને કારણે ઉત્પાદક કંપની અથવા પરવાનેદારને થતા માન્ય એકંદર નફાની બાબતમાં નીચેની રીતે કાર્યવાહી કરવામાં આવશે.
(ક) વિનિયમ ૯.૭ હેઠળના આયોગના હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા સમય માટે આવા નફાની ૧/૩ રકમ ટેરીફમાં રિબેટ તરીકે પસાર કરવામાં આવશે.
(ખ) ઉત્પાદક કંપની અથવા પરવાનેદાર દ્વારા આવા નફાની ૧/૩ રકમ વિનિયમ ૧૧.૨ના ખંડ(ખ) હેઠળનાં નિયંત્રણક્ષમ પરિબળો અંગેના કોઇ ભવિષ્યના નુકસાનની અસર આત્મસાત (absorb) કરી લેવા માટે ખાસ અનામતમાં રાખવામાં આવશે, અને
(ગ) નફાની બાકીની રકમ ઉત્પાદક કંપની અથવા પરવાનેદારના વિવેકાધિકાર મુજબ વાપરવામાં આવશે.

૧૧.૨ નિયંત્રણક્ષમ પરિબળોને કારણે ઉત્પાદક કંપની અથવા પરવાનેદારને થતા માન્ય એકંદર નુકશાન બાબતમાં નીચેની રીતે કાર્યવાહી કરવામાં આવશે.
(ક) વિનિયમ ૯.૭ હેઠળના આયોગના હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા સમય માટે આવા નુકસાનની ૧/૩ રકમ ટેરિફમાં વધારાના ચાર્જ તરીકે પસાર કરવામાં આવશે; અને
(ખ) નુકશાનની બાકીની રકમને ઉત્પાદક કંપની અથવા પરવાનેદાર આત્મસાત કરશે.

## <u>પ્રકરણ-૧૨</u>
## <u>ટેરિફ વાર્ષિક નક્કી કરવી</u>

૧૨.૧ આયોગ નીચેની બાબતો ધ્યાનમાં લઇને આવા નાણાકીય વર્ષની શરૂઆતમાં નિયંત્રણ મુદત દરમિયાન દરેક નાણાકીય વર્ષ માટે બહુવર્ષીય ટેરિફ માળખા હેઠળ આવરી લેવાયેલ ઉત્પાદક કંપની અથવા પરવાનેદારની ટેરિફ નક્કી કરશે,
(ક) આવા નાણાકીય વર્ષ માટે એકંદર મહેસૂલી જરૂરિયાત ઉત્પાદક કંપની અથવા પરવાનેદારને ઉપલબ્ધ પ્રોત્સાહન સહિત અને ટેરિફ અને ચાર્જમાંથી અપેક્ષિત મહેસૂલની માન્ય પૂર્વધારણા, આવી પૂર્વધારણાના મંજૂર ફેરફાર સહિત, અને
(ખ) વાર્ષિક કામગીરી સમીક્ષા અનુસાર ટેરિફ મારફત પસાર થવાના માન્ય લાભ અને નુકશાન

## <u>પ્રકરણ-૧૩ : પ્રકીર્ણ</u>
## <u>હુકમો અને વ્યવસાયની સૂચના આપવા</u>

૧૩.૧ અધિનિયમ અને આ વિનિયમોની જોગવાઇને આધીન રહીને આયોગને આ વિનિયમોથી સૂચના આપવાની સત્તા અપાઇ હોય તેવી જુદી જુદી બાબતો અંગે અનુસરવાની કાર્યપદ્ધતિ અને આ વિનિયમોના અમલ બાબતમાં અને તેને આનુષાંગિક અથવા ગૌણ બાબતો સંબંધમાં આયોગ વખતોવખત હુકમ અને વ્યવસાય અંગેની સૂચનાઓ બહાર પાડશે.

૧૩.૨ આ વિનિયમોમાં ગમે તે હોય તે છતાં, આયોગને આપમેળે અથવા કોઇ હિત ધરાવતા અથવા અસરગ્રસ્ત પક્ષકારે કરેલી અરજી પર કોઇ પણ અરજદારની ટેરીફ નક્કી કરવાની સત્તા રહેશે.

<u>મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા :</u>

૧૩.૩ આ વિનિયમોની કોઇપણ જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઉભી થાય, તો અધિનિયમ અથવા આ વિનિયમોની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી વસ્તુઓ કરવા અથવા હાથ ધરવા અથવા મુશ્કેલીઓ દૂર કરવાના હેતુ માટે જરૂરી અથવા ઉચિત લાગતી હોય તેવી વસ્તુઓ કરવા અથવા હાથ ધરવા માટે આયોગ ઉત્પાદક કંપનીને સામાન્ય અથવા ખાસ હુકમ કરી શકશે.

<u>છૂટછાટ આપવાની સત્તા :</u>

૧૩.૪ આયોગ જાહેર હિતમાં અને લેખિત કારણો નોંધીને આ વિનિયમોની કોઇપણ જોગવાઇમાં છૂટછાટ આપી શકશે.

**અર્થઘટન :**

૧૩.૫ આ વિનિયમોની કોઇ જોગવાઇના અર્થઘટનને લગતો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો આયોગનો નિર્ણય આખરી ગણાશે.

**આયોગની અંતર્ગત સત્તાઓ બચાવવી.**

૧૩.૬ આ વિનિયમોમાં સમાવિષ્ટ કોઇપણ બાબત, આયોગને બાબત અથવા બાબતના વર્ગના ખાસ સંજોગોને અનુલક્ષીને અને લેખિત કારણો નોંધીને આ વિનિયમોમાં સમાવિષ્ટ કાર્યપદ્ધતિથી અલગ પડવાનું જરૂરી અથવા ઉચિત લાગે, તો આ વિનિયમોની કોઇ પણ જોગવાઇ સાથે ભિન્નતા ધરાવતી કોઇ પદ્ધતિ અપનાવવાની આયોગની અંતર્ગત સત્તાને મર્યાદિત કરશે નહિ કે અસર પહોંચાડશે નહિ.

**પૂછપરછ અને તપાસ**

૧૩.૭ આ વિનિયમો હેઠળનાં તમામ પૂછપરછ, તપાસ અને ન્યાયનિર્ણય, આયોગ કામકાજ કરવાના વિનિયમોની જોગવાઇ અનુસાર કાર્યપદ્ધતિ કરીને કરશે.

**સુધારવાની સત્તા**

૧૩.૮ આયોગ સુધારો કરીને આ વિનિયમોની કોઇ પણ જોગવાઇમાં લેખિત નોંધ કરીને ફેરફાર કરી શકશે, બદલી શકશે અથવા તેમાં પરિવર્તન લાવી શકશે.

સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

તા.૩૦-૧૧-૨૦૦૭
અમદાવાદ